કલોલ તાલુકાના એક ગામમાં મધરાત્રે

# મુકબધિર માનસિક દિવ્યાંગ યુવતી પર બળાત્કાર..!

**જે યુવતીને ખાવા-પીવાની પણ સમજણ નથી તેણીને નરાધમ વિકૃત યુવાન રાત્રે ખભે નાંખીને ઘરેથી ખેતરમાં લઈ ગયો ને બળાત્કાર ગુજારી ભાગી ગયો : સવારે પણ દિવ્યાંગ યુવતી તે જ સ્થિતિમાં ખેતરમાં પડી હતી**

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના એક નાનકડા ગામમાં ગઈરાત્રે વિકૃતતા અને નિર્દયતાની હદ વટાવી નાંખે તેવો કિસ્સો બન્યો હતો. ગામની એક મુકબધિર માનસિક દિવ્યાંગ યુવતી કે જેને ખાવા-પીવાની તો ઠીક પરંતુ શૌચક્રિયા કરાવવા પણ પરીવારના કોઈ સખ્સે લઈ જવી પડે છે તેવી દિવ્યાંગ યુવતી પર નરાધમ વિકૃત યુવાને બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. રાત્રે ઘરઆંગણે ખાટલા પર સુઈ રહેલી આ યુવતીને ખભે નાંખીને અંધારામાં ખેતરે લઈ જઈ બળાત્કાર ગુજારી શખ્સ ફરાર થઈ ગયો હતો. સવારે પણ આ યવુતી તે જ સ્થિતિમાં ખેતરમાં પડી હતી. પરિવારજનો દવાખાને લઈ ગયા ત્યારે બળાત્કાર થયો હોવાની વિગતો બહાર આવી હતી. યુવતીના પિતાની ફરીયાદ લઈ કલોલ તાલુકા પોલીસે ગુનો દાકલ કરી એફએસએલની મદદ લઈ તપાસ તેજ બનાવી છે.

કલોલ તાલુકાના બાલવા ચોકડીથી થોડે દૂર આવેલા એક ગામમાં ગઈ રાત્રે રૂવાડા ઉભા કરી નાંખે તેવો આ વિચિત્ર કિસ્સો બનવા પામ્યો હતો. ગરીબ પરીવારમાં જન્મેલી આ યુવતી બોલી કે સાંભળી શકતી નથી. તે ઉપરાંત માનસિક વિકલાંગ હોવાથી તેણીને ખાવા-પીવાની તો ઠીક પરંતુ સગા-વ્હાલાને ઓળખી શકવાની પણ ક્ષમતા નથી. કુદરતની મજાકનો ભોગ બનેલી આ યુવતીની ઉપર કોઈ નરાધમને રાત્રે તેણીને ઘરેથી ઉપાડી જઈ ખેતરમાં લઈ જઈ અંધારામાં બળાત્કાર ગુજારીને વિકૃતતાની હદ વટાવી મુકી છે. રાત્રે ઘર આંગણે ખાટલામાં સુઈ રહેલી આ યુવતીને ખભે ઉપાડીને ખેતરમાં લઈ જઈ બળાત્કાર ગુજારીને તે શખ્સ રફુચક્કર થઈ ગયો હતો. સવારે યુવતીના પરિવારજનો ઉઠ્યા અને ખાટલામાં દિકરીને જોઈ નહી એટલે ચિંતાતુર થઈ ગામમાં શોધવા લાગ્યા હતા. શોધતા શોધતા ઘર નજીક એક ખેતરે પહોંચ્યા તો ત્યાં અર્ધ નગ્ન હાલતમાં તે જ સ્થિતિમાં પડેલી જોઈ પરિવારજનો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. તાત્કાલિક દિકરીને ઊંચકીને હોસ્પિટલ લઈ જઈ તબીબી તપાસ કરાવતા બહાર આવ્યું કે યુવતીની જિંદગી સાથે કોઈ મજાક કરી ગયું છે..! કોઈ શખ્સ બળાત્કાર ગુજારીને ફરાર થઈ ગયો હોવાનું ખુલતા યુવતીના પિતાએ કલોલ તાલુકા પોલીસને ફરિયાદ આપી છે.

## વિમલ પાન-મસાલાની પડીકી પોલીસને બળાત્કારી સુધી લઈ ગઈ..!

**બળાત્કારીએ પાન-મસાલા ખાઈને પડીકી ખેતરમાં ઘરના સ્થળે ફેંકી દીધી હતી**

કલોલ તાલુકા પોલીસની ટીમ ઘટનાની જાણ થતા જ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. એફએસએલને કોલ કરી બોલાવી લેવાતા સાયન્ટીફીક ઓફીસર જી.પી. દરબાર સ્થળ પર પહોંચી ગયા હતા. જે ખેતરમાં બળાત્કાર થયો ત્યાં આજુબાજુમાંથી શુ-શુ મળ્યું છે ? તે અંગે પૃચ્છા કરતા પોલીસે જી.પી. દરબારને જણાવ્યુ હતુ કે એક વિમલ પાન મસાલાની ખાલી થઈ ગયેલી પડીકી મળી છે..! બસ આ ખાલી પડીકી બળાત્કારી સુધી પહોંચવા મહત્વની પુરવાર થઈ છે. જી.પી. દરબારની સલાહથી પોલીસે નાનકડા ગામમાં એક ઘરમાં જ ગલ્લો કરીને બેઠેલા વેપારીને ત્યાં પુછપરછ કરી કે ગામમાં વિમલ કેટલા ખાય છે ? અને રાત્રે કોણ વિમલ લઈ ગયું હતું ? વેપારીએ આપેલા બે-ત્રણ નામ લઈ તે શખ્સોને પકડી કડક પુછતાછ કરતા ગામના એક યુવાન શખ્સે ગુનાની કબુલાત કરી લીધી હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યું છે.



**વાવોલ પ્રાથમિક શાળાના બાળકોને ૧૦૮ની કામગીરીનું નિદર્શન**

ગાંધીનગરના વાવોલ ખાતે સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે ઈમર્જન્સી સેવા ૧૦૮નો માર્ગદર્શન-નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો. શાળાના પટાંગણમાં ૧૦૮ વાન સાથે ઉપસ્થિત રહેલા ઈમર્જન્સી સેવાના કર્મચારીઓએ વાનના ઉપકરણોનું નિદર્શન કરી તેવી રીતે તાત્કાલિક સેવા પુરી પાડવામાં આવે છે તેનું ઝીણવટભર્યું માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે તેમણે બાળકોને આ સેવાનો આપત્તિ સમયે કેવી રીતે ઉપયોગ કરી શકાય તે પણ શીખવ્યું હતું. કાર્યક્રમમાં બાળકોના જિજ્ઞાસાપૂર્ણ સવાલોનું પણ યોગ્ય નિરાકરણ પુરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજન માટે શાળાના આચાર્યા દક્ષાબેન મકવાણાના માર્ગદર્શન હેઠળ કર્મચારીગણે વ્યવસ્થા માટે જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગર જિલ્લાની તમામ અદાલતોમાં ૮મીએ લોક અદાલત

ગાંધીનગર, તા.૧૭

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં તા. ૮મી જુલાઈ, ૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં તા. ૮ જુલાઈ, ૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, બેન્કના લેણાના દાવા, લેબરને લગત કેસ, લગ્ન વિષયક કેસ, રેવન્યુ કેસ, નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટના કેસ, મોટર અકસ્માત વળતરના કેસો, ઈલેકટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસો, એલ.એ.આરના કેસ અને અન્ય સીવીલ કેસનો સમાવેશ કરવામાં આવશે.

જે પક્ષકારો કોર્ટમાં ઉપરોક્ત દર્શાવેલ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેમણે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર રૂમ નંબર-૧૦૧, પ્રથમ માળ, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, ગાંધીનગર શ્રી એ.સી. રાવ એ જણાવ્યું છે.

# કોંગ્રેસના ધારાસભ્યોના અઢી કલાક ધરણા

**સંકલન સમિતિની બેઠક યોગ્ય માળખામાં અને નિયત કાર્યસૂચિ સાથે ન મળતી હોવાની ફરિયાદ**

જિલ્લા સંકલન સમિતિની બેઠક યોગ્ય માળખઆમાં અને નિયત કાર્યસૂચિ સાથે મળતી ન હોવાની ફરિયાદ સાથે આજે જિલ્લાના ૩ કોંગી ધારાસભ્યો અને કોંગ્રેસી આગેવાનોએ કલેક્ટર કચેરી ખાતે અઢી કલાકથી વધુ સમય સુધી ધરણા કર્યા હતા.

ગાંધીનગર જિલ્લા કોંગીના ધારાસભ્યો બળદેવજી ઠાકોર, અમીતભાઈ ચૌધરી, કામિનીબા રાઠોડ સાથે આ ધરણામાં પ્રદેશ પ્રવક્તા અને મહામંત્રી નિશીષ વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર, ઉપપ્રમુખ ભરત પટેલ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એસ.એન. પરમાર, કોર્પોરેશનના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કાઉન્સીલરો ચીમનભાઈ વિંઝુડા, હિરલબેન જોશી, લલીબેન ઠાકોર, પંચાયતની વિવિધ સમિતિના ચેરમેનો, સંગઠનના હોદ્દેદારો ડૉ. કૌશિક શાહ, ટાપરિયા, ભાનુમતિબેન રોહિત વિગેરે જોડાયા હતા.

જિલ્લા સંકલન સમિતિની દર માસે કલેકટરના વડપણ હેઠળ મળતી બેઠક યોગ્ય માળખામાં અને નિયત પ્રશ્નોના ઉકેલ માટે મળતી હોય છે. પરંતુ ગાંધીનગરના કલેક્ટર દ્વારા છેલ્લી ત્રણ મીટીંગોમાં તેમનાથી નીચી પાયરીના અધિકારીઓની ગેરહાજરીમાં મીટીંગો બોલાવતા હતા. જેને કારણે કોંગ્રેસના ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ-ચેરમેન દ્વારા ઉપસ્થિત કરાતા પ્રશ્નોનો ઉકેલ આવતો ન હતો. ઘણા પ્રશ્નો તો ૨૦૧૨ થી પડતર છે તેવા સંજોગોમાં જિલ્લા સંકલનની મળતી બેઠકો માત્ર ફારસ રૂપ બની જતી હતી. જે બાબતે ઉગ્ર વિરોધ દર્શાવતા જિલ્લા સંકલન સમિતિની બેઠકો નિયત સમયે અને નિયત માળખામાં મળે તેવી માંગ સાથે જિલ્લા ત્રણેય કોંગ્રેસ ધારાસભ્યો આજે જિલ્લા સેવા સદન ખાતે ધરણાં પર બેઠા હતા. ધરણાં પર બેઠેલા ધારાસભ્યો અને કોંગ્રેસ આગેવાનોની માંગ હતી કે કલેક્ટર પોતે આવીને ધરણાં પર બેઠેલા ધારાસભ્યોને સંકલન સમિતિની બેઠકમાં આમંત્રણ આપે તો જ ધરણાં પરથી ઉઠશે. જિલ્લા કલેક્ટર એક તબક્કે અક્કડ વલણ દાખવ્યું હતું પરંતુ ધરણાં પર બેઠેલા ધારાસભ્યો કોંગ્રેસ આગેવાનોએ મક્કમ મનોબળ સાથે કલેક્ટર નીચે આવીને બોલાવે નહી તો આક્રમક અને જલદ કાર્યક્રમો સાથે આંદોલન ઉગ્ર કરવાની ચિમકી ઉચ્ચારતા કલેક્ટર પોતે ધારાસભ્યોને મનાવવા આવી પહોચ્યા હતા.

# જિલ્લાકક્ષાની રાયફલ શુટિંગ સ્પર્ધાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાયફલ એસોસિએશન દ્વારા ૨૮મી એર રાયફલ સ્પર્ધાનો આજે સે. ૧૨માં સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા ખાતે પ્રારંભ થયો છે. આ સ્પર્ધામાં ૧૦ મીટર એર રાયફલ અને ૧૦ મીટર એર પિસ્ટલની સ્પર્ધા યોજવામાં આવી છે જેમાં આજે ૧૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.



જિલ્લાકક્ષાની આ સ્પર્ધાના પ્રારંભ પ્રસંગે ગુજરાત સ્ટેટ રાયફલ એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ જસવંતસિંહ રાઠોડ, ડિસ્ટ્રિક્ટ રાયફલ એસોસિએશનના પ્રમુખ મહેશભાઈ સોલંકી, જનરલ સેક્રેટરી હિતેન્દ્રસિંહ રાઠોડ, ખજાનચી ગજેન્દ્રસિંહ બારડ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા અને સ્પર્ધકોને પ્રોત્સાહન તથા માર્ગદર્શન પુરા પાડ્યાં હતા. આ સ્પર્ધામાં રેન્જ ઓફિસર તરીકે જય મહેતા, હિરલ અનિરૂદ્ધસિંહ, યુવરાજસિંહ, મીત પરમાર, જીલ પટેલ, નરેશ પટેલ, જિતેન્દ્રસિંહ વાઘેલા તથા તરંગ ભાવસારે સેવાઓ આપી હતી. સમગ્ર સ્પર્ધા ખૂબજ ખેલદિલીભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં આજે સિનિયર, યુથ, જુનિયર કેટેગરીમાં ભાઈઓ તથા બહેનો માટે સ્પર્ધા યોજાઈ હતી તથા રવિવારે ઓપન કેટેગરી અને બાકીની કેટેગરી માટેના સ્પર્ધકોની સ્પર્ધા તેમજ મેડલ વિતરણ કાર્યક્રમ યોજાશે.

